# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રીની ઉપસ્થિતીમાં હિમંતા બિસ્વા સરમાએ સતત બીજા કાર્યકાળ માટે આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નર્સિંગ વ્યવસાય સાથે જોડાયેલા 15 લોકોને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ પુરસ્કારથી સન્માનીત કર્યા.
3. મેડિકલ ક્ષેત્રે પ્રવેશ માટે 3 જી મેએ લેવાયેલી NEET ની પરીક્ષા રદ.
4. ઉત્તરપ્રદેશમાં, SPના સાંસદ સામે પ્રધાનમંત્રી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ FIR.
5. ICC પુરુષ T20 વિશ્વકપમાંથી ટીમના પાછા ખસી જવાના કારણની તપાસ માટે બાંગ્લાદેશે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી.
6. IPL ક્રિકેટમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# ASSAM CM-OATH

ભાજપના વરિષ્ઠ નેતા હિમંત બિસ્વા શર્માએ આજે સતત બીજા કાર્યકાળ માટે આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ ગુવાહાટીના ખાનપરામાં વેટરનરી કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજિત સમારોહમાં ડૉ. શર્માને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

ડૉ. શર્માની સાથે, ચાર ધારાસભ્યો - રામેશ્વર તેલી, અતુલ બોરા, ચરણ બોરો અને અજંતા નિઓગ - એ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, અનેક કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ સમારોહમાં હાજરી આપી હતી.

આ સાથે, ડૉ. સરમા આસામમાં સતત બે મુદત માટે મુખ્યમંત્રી તરીકે સેવા આપનારા પ્રથમ બિન-કોંગ્રેસી નેતા બન્યા છે.

# NURSE DAY-MINISTERS

આજે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ છે. આ દિવસ આધુનિક નર્સિંગના સ્થાપક ફ્લોરેન્સ નાઇટિંગેલના જન્મદિન નિમિત્તે ઉજવવામાં આવે છે. આ વર્ષની વિષય વસ્તુ "આપણી નર્સો, આપણું ભવિષ્ય" રાખવામા આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નર્સિંગ વ્યવસાય સાથે જોડાયેલા 15 લોકોને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ પુરસ્કારથી સન્માનીત કર્યા. રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા સમારોહમાં નર્સિંગ ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પુરસ્કાર એનાયત કરાયા હતા.

આ પ્રતિષ્ઠિત પુરસ્કારો કેન્દ્ર અને રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં સેવા આપના  રજિસ્ટર્ડ નર્સ, મિડવાઇફ્સ, સહાયક નર્સ મિડવાઇફ્સ અને મહિલા  હેલ્થ વિઝિટર્સને આપવામાં આવે છે. દરેક પુરસ્કારમાં મેરિટ પ્રમાણપત્ર, એક લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર અને આ આરોગ્ય યોદ્ધાઓ દ્વારા આપવામાં આવેલી અમૂલ્ય સેવા માટે રાષ્ટ્રની કૃતજ્ઞતાનું પ્રતીક મેડલ શામેલ છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડા, આરોગ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

નર્સ દિવસ નિમિત્તે ગૃહમંત્રી અમિત શાહ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ નર્સોને દેશની આરોગ્યસંભાળ પ્રણાલીની કરોડરજ્જુ અને આશાનો સ્તંભ ગણાવ્યા.

# NEET-CANCEL

મેડિકલ ક્ષેત્રે પ્રવેશ માટે લેવાતી NEET (UG) 2026 ની પરીક્ષા રદ કરાઇ છે. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ આ મહિનાની 3 તારીખે લેવામાં આવેલી NEET (UG) ની પરીક્ષામાં પેપર લીકના કથિત આરોપો બાદ આ નિર્ણય લીધો છે. સોશિયલ મીડિયા સંદેશમાં સંસ્થાએ જણાવ્યું કે સરકારે પેપર લીકના આરોપોની વ્યાપક તપાસ માટે આ બાબતને કેન્દ્રિય તપાસ પંચ CBI ને મોકલવાનો નિર્ણય લીધો છે. સંસ્થાએ કહ્યું કે, તે બ્યુરોને સંપૂર્ણ સહયોગ આપશે અને તપાસ માટે જરૂરી તમામ સામગ્રી, રેકોર્ડ અને સહાય પૂરી પાડશે. એજન્સીએ વધુમાં જણાવ્યું હતું કે ફરીથી પરીક્ષા લેવાશે જેની તારીખની જાણ કરાશે. મે 2026 માટે પસંદ કરાયેલ નોંધણી વિગતો, ઉમેદવારી માહિતી અને પરીક્ષા કેન્દ્રો યથાવત રહેશે. સંસ્થાએ જણાવ્યું કે કોઈ નવી નોંધણીની જરૂર રહેશે નહીં, અને વધારાની પરીક્ષા ફી પણ લેવામાં નહીં આવે.

# UP-SP MAHOBA FIR

ઉત્તર પ્રદેશમાં, મહોબા જિલ્લામાં સમાજવાદી પાર્ટીના સાંસદ અજેન્દ્ર સિંહ લોધી સામે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ એફઆઈઆર નોંધવામાં આવી છે. ભાજપ નેતા સત્યેન્દ્ર પ્રતાપ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ મહોબા કોતવાલી પોલીસ સ્ટેશનમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, ભારતીય ન્યાય સંહિતાની  વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.  લોકોને સોનું ન ખરીદવાની વિનંતી કરતી શ્રી મોદીની અપીલ પર પ્રતિક્રિયા આપતા લોધીએ પ્રધાનમંત્રી  વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કર્યા બાદ વિવાદ ઉભો થયો હતો. આ ટિપ્પણીઓથી રાજ્યમાં ભાજપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા. વધુ તપાસ ચાલી રહી છે.

# PM-FIVE NATION TOUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શુક્રવારથી સંયુક્ત અરબ અમીરાત-UAE, નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની છ દિવસની મુલાકાતે જશે. પાંચ દેશોની તેમની મુલાકાતના પ્રથમ તબક્કામાં, શ્રી મોદી શુક્રવારે UAE પહોંચશે, જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય મુદ્દાઓ, ખાસ કરીને ઉર્જા સહયોગ, તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

તેમની મુલાકાતના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી શુક્રવારે નેધરલેન્ડ પહોંચશે. તેઓ રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને રાણી મેક્સિમાને મળશે અને પ્રધાનમંત્રી રોબ જેટન સાથે વાતચીત કરશે.

શ્રી મોદી રવિવારે સ્વીડનના ગોથેનબર્ગ જશે અને તેમના સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેમની મુલાકાતના ચોથા તબક્કામાં, તેઓ સોમવારે ત્રીજી ભારત-નોર્ડિક શિખર બેઠકમાં ભાગ લેવા નોર્વે પહોંચશે. તેમની મુલાકાતના અંતિમ તબક્કામાં, પ્રધાનમંત્રી 19મી તારીખે ઇટાલીની સત્તાવાર મુલાકાત લેશે, જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ સર્જિયો માટ્ટારેલા અને પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે વાતચીત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# CBI-CHANDRA NATH CASE

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના અંગત સહાયક ચંદ્રનાથ રથની હત્યાની તપાસ હવે કેન્દ્રિય તપાસ પંચ સીબીઆઈ કરશે. રાજ્ય પોલીસની ભલામણ પર કાર્યવાહી કરતા, એજન્સીએ આજે સત્તાવાર રીતે આ કેસની તપાસ પોતાના હાથમાં લીધી. સીબીઆઈએ જણાવ્યું હતું કે તેના કોલકાતા ઝોનના સંયુક્ત નિર્દેશકની દેખરેખ હેઠળ એક વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવશે.

# EAM-MATHEMATICS EXHIBITION

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે ગણિત અને વિજ્ઞાન પ્રત્યે એકપક્ષીય અભિગમથી આગળ વધવાનું આહ્વાન કર્યું છે. તેમણે ઇતિહાસના લોકશાહીકરણ પર આધારિત દ્રષ્ટિકોણની જરૂરિયાત પર ભાર મૂક્યો જે આ ક્ષેત્રોમાં ભારતના મૂળભૂત યોગદાનને માન્યતા આપે. ડૉ. જયશંકર ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં ગણિતમાં ભારતના યોગદાન પર એક પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા. ત્રીજી સદીમાં ભારતમાં વિકસિત દ્વિસંગી પ્રણાલીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે તે ડિજિટલ યુગનો પાયો હતો અને તેના આધારે વિશ્વ કૃત્રિમ બુદ્ધિમત્તા  તરફ આગળ વધી રહ્યું છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે આ વર્ષે ફેબ્રુઆરીમાં ભારતમાં યોજાયેલી AI ઇમ્પેક્ટ કોન્ફરન્સે એક મજબૂત સંદેશ આપ્યો કે સર્જનાત્મકતા અને નવીનતા ફક્ત થોડા દેશો સુધી મર્યાદિત નથી.

# MARGHERITA-HONDURAS

વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ આજે હોન્ડુરાસના સંસ્કૃતિ, કલા અને વારસાના રાજ્ય સચિવ યાસેર હેન્ડલ કાર્કામો સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે જણાવ્યું કે, બેઠક દરમિયાન બંને નેતાઓએ ભારત અને હોન્ડુરાસ વચ્ચે કલા, યોગ, સુખાકારી, સિનેમા અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં સહયોગ વધારવા અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

આ બેઠકમાં બંને રાષ્ટ્રો વચ્ચેના લોકો-થી-લોકો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા અંગે પણ ચર્ચા થઈ હતી.

# BANGLADESH-T20-WORLD-CUP

બાંગ્લાદેશે ભારતમાં ICC પુરુષ T20 વિશ્વ કપમાંથી બાંગલાદેશ ક્રિકેટ ટીમના પાછા ખસી જવાના કારણની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. સત્તાવાર આદેશ મુજબ, ભૂતપૂર્વ અધિક સચિવ ડૉ. એ.કે.એમ. અલી ઉલ્લાહ સમિતિના અધ્યક્ષ રહેશે. સમિતિમાં ટીમના મુખ્ય પસંદગીકાર હબીબુલ બશર અને સર્વોચ્ચ અદાલતના વકીલ ફૈઝલ દસ્તગીરનો પણ સમાવેશ થાય છે. સમિતિને 15 દિવસમાં અહેવાલ સુપરત કરવા કહેવામાં આવ્યું છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ ....

(VC – NAVAL SANGH PARMAR)

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે. મેચ સાંજે 07.30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રાતે દિલ્હી કેપિટલ્સે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સને 3 વિકેટથી હરાવ્યું. પંજાબ કિંગ્સે આપેલા 211 રનના લક્ષ્યનો પીછો કરતા, દિલ્હી કેપિટલ્સે 19 ઓવરમાં 7 વિકેટે 216 રન બનાવ્યા.

આ પહેલા, બેટિંગ કરતાં પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 210 રન બનાવ્યા હતા. દિલ્હી કેપિટલ્સના માધવ તિવારીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# STOCKS-1200

ભારતીય શેર બજારમાં આજે બીજા દિવસે પણ ઘટાડાનું વલણ છે. આજે બપોરના સમયે બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ એક ટકાના ઘટાડા સાથે ટ્રેડિંગ કરી રહ્યા હતા. છેલ્લા અહેવાલો મુજબ સેન્સેક્સ 800 પોઈન્ટ જ્યારે નિફ્ટી 220 પોઈન્ટ ઘટ્યો હતો. આઇટી, રિયલ્ટી અને બેંકિંગમાં ઘટાડો જોવા મળ્યો હતો.